

## સરદાર સરોવર યોજના આજે રાષ્ટ્રાર્પણ

મા નર્મદા મૈયાના આશીર્વાદ સાથે આજે વર્ષોના વ્હાણા બાદ સંપન્ન થયેલી સરદાર સરોવર યોજનાને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આજે તેમના જન્મદિને રાષ્ટ્રાર્પણ કરશે. નરેન્દ્રભાઈ મોદી મુખ્યમંત્રી હતા ત્યારથી આજ દિન સુધી ગુજરાત સરકારની ડેમ પૂર્ણતા માટેની પ્રતિબદ્ધતા અને ખેડૂતો-નાગરિકોના હિતને ધ્યાને લઈને થયેલ આયોજનના પરિણામે આ સપનું આજે સાકાર થઈ રહ્યું છે.

## હા... સાહેબ !

"નમામિ દેવી નર્મદે..!!"

"ઓ હો... નર્મદાષ્ટકમ્ ગાઓ છો..?!"

"હા... સાહેબ... નર્મદામાતા આપણી લોકમાતા છે..! ગુજરાતના વિકાસની ધરોહર છે... અને આજે એ નર્મદા બંધ રાષ્ટ્રને અર્પણ થઈ રહ્યો છે..! ત્યારે દરેક ગુજરાતીની છાતી ગજ-ગજ ફુલી રહી છે..!"

"હા... એ તો અમને ખબર જ છે... તમારા નાટકનું કથાબીજ અમે જાણીએ છીએ..! હવે કયા ડાયલોગ કોણ બોલશે... એ પણ અમને ખબર છે..! અને કેવા બોલશે એ પણ ખબર છે..!!"

"અરે... તમે તો જ્ઞાતા થઈ ગયા..! બીજાના મનની વાત જાણી લે એ અઘરી બાબત છે..! ભેદભરમની વાત છે... અગન નીગમની વાત છે..!!"

"ના... ભાઈ... ના..! અમે તો તમારા તમાશાઓથી વાકેફ છીએ એટલે આગાહી કરી શકીએ... અને હવે તો રગેરગમાં વણાઈ ગયું છે..! એટલે કોઈપણ આગાહી કરી શકાય..."

"મને સમજાતુ નથી સાહેબ... કે... તમે વખાણ કરો છો કે વખોડો છો..?!"

"નથી વખાણ કરતો કે નથી વખોડતો... પણ વાસ્તવિકતાની વાત કરૂ છુ..! દિલ પર હાથ રાખીને કહેજો કે નર્મદા રથ ગામે ગામ ફર્યા એનો અર્ક શું નીકળ્યો..?! ફળ શું મળ્યું..?! એ સાચુ કહી શકો તો કો'..."

"... તમેય સમજો તો ખરા સાહેબ... નર્મદા યોજનાની વિગતો... નર્મદા યોજનાના લાભાલાભ-કામની ગતિ-પ્રગતિ... હવેના આયોજનો.... જેવા મુદ્દાઓથી પ્રજાને જાણકારી અપાઈ..!!"

"શું કહો છો..?! પ્રજાને..?! કઈ પ્રજા..?! સરકારી અધિકારીઓ-કર્મચારીઓ-પક્ષના કાર્યકરો... શાળાના બાળકો... આને પ્રજા કહો છો..?! સામાન્ય પ્રજાએ રસ જ નથી લીધો એવું ચોખ્ખુચટ બોલતા કેમ અટકાઓ છો..?!"

"ના... ના... એ ખોટી વાત છે..! આ તો તમારા આક્ષેપ તો કાયમ રહેવાના જ.... અને તમે આક્ષેપો કરો એટલે અમારે કંઈ કરવાનું જ નહિ..?! અને તમારા જવાબો જ આપ્યા કરવાના..?!!"

"ઓ...તારી...! સો વખત આપવા પડે જવાબ..! રાજકારણમાં રહેવું હોય તો ચોખવટો કરવી જ પડે..!! કેનાલોનું કામ કેટલે આવ્યું..?! કુલ ખર્ચ કેટલો થયો..?! કામ કેટલે પહોંચ્યું..?! આવા તો કંઈ કેટલાય પ્રશ્નો હવામાં લટકે છે..!!"

"આવતીકાલે જોજો..!! રાજ્યના ખુણેખુણેથી પ્રજા ઉમટશે..!! દેશના અને રાજ્યના સંતો-મહંતો પધારશે..!! અનેક મુખ્યમંત્રીઓ અને મંત્રીઓ સમારંભને શોભાવશે..!! અને નર્મદા મૈયાનું પૂજન-અર્ચન થશે..!! ત્યારે સમગ્ર ગુજરાત એકી અવાજે ગાશે નમામિ દેવી નર્મદે..."

"આ બધી વાત સાચી... પણ તમે સમય ખોટો પસંદ કર્યો... ચૂંટણીનો સમય છે એટલે ગમે તેટલો શુદ્ધ ઈરાદો હોય તો પણ રાજકીય શંકા જન્માવે એ ભીંતે લખેલી વાત છે..!!"

"આપણે બધા જ રાજકીય ઈરાદાઓને એકબાજુ રાખીએ... વિકાસના ઈરાદાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશું તો આપણું રાજ્ય દેશમાં નંબર વન રાજ્ય બનશે..!! ગુજરાતની ખરડાયેલી છબી પુનઃ પ્રભાવશાળી છબી પ્રસ્થાપિત કરીશું..!! ત્યારે જ મારો ને તમારો અવાજ 'જય જય ગરવી ગુજરાત' ગાન બનીને ઉભરશે..!"

- નિમિત્ત માત્ર

# રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી અને ટીમને ચૂંટણી પંચનું તેડુ

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી અને તેમની ટીમને ભારતના ચૂંટણી પંચે ૨૦મી સપ્ટેમ્બરના રોજ દિલ્હી તેડાવતાં રાજ્યમાં ચૂંટણીને લઈ રાજકીય માહોલ ગરમાયો છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ૨૦મીએ દિલ્હી ખાતે બોલાવવામાં આવેલ આ બેઠકમાં મતદારયાદી સુધારણા (સંક્ષિપ્ત ઝુંબેશ)ની કામગીરી કેટલે પહોંચી તેમજ ચૂંટણીની તૈયારીઓ અંગેની સમીક્ષા કરવામાં આવશે.

આ બેઠક આખો દિવસ દિલ્હી ખાતે ચાલશે તેમાં મતદાન મથક, મતદારયાદી, વિવિધ સાહિત્ય તેમજ ચૂંટણી પૂર્વે મતદાર જાગૃતિ અભિયાન સહિતના વિવિધ મુદ્દાઓને લઈ સમીક્ષા કરવામાં આવશે. ઈ.વી.એમ.ની ચકાસણીની કામગીરી કેટલે પહોંચી, વી.વી.પેટ કેટલા ઉપલબ્ધ થયા અને કેટલા બાકી છે તે બધા જ મુદ્દાઓની આ બેઠકમાં ચર્ચાઓ થશે. ચૂંટણી અધિકારી બી.વી. શ્રૈન અને તેમની ટીમ દ્વારા

● અનુસંધાન પાન-૫ પર

# કોંગ્રેસે ચાર કાર્યકારી પ્રમુખોને ઝોનવાર જવાબદારીઓ સોંપી

### સૌરાષ્ટ્ર-કચ્છની જવાબદારી કુંવરજી બાવળીયાને સોંપાઈ

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત કોંગ્રેસમાં નવ નિયુકત કરાયેલ ચાર કાર્યકારી પ્રમુખોને ઝોનવાઈઝ જવાબદારીઓ સોંપવામાં આવી છે.

ગુજરાત કોંગ્રેસમાં ચાલતા આંતરીક જુથવાદને નાથવા અને સંગઠનને વધુ મજબુત બનાવવા માટે કોંગ્રેસ નેતાગીરી દ્વારા તાજેતરમાં પ્રદેશ કોંગ્રેસમાં કુંવરજી બાવળીયા, કરશનદાસ સોનેરી, પરેશ ધાનાણી અને તુષાર ચૌધરીની પ્રદેશના કાર્યકારી પ્રમુખ તરીકે નિમણુંકો કરવામાં આવી હતી.

આ ચારેય પ્રદેશ કાર્યકારી પ્રમુખોને આજે ઝોનવાઈઝ જવાબદારીઓ સોંપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૫ પર

# બાળક આવતીકાલનો સક્ષમ માનવી બની ઉભરે તે મુખ્ય હેતુ : ભાદુરી

### ૧૩મી નવે.ના રોજ એક સાથે ૩૦ લાખથી વધુ બાળકોનુ એસેસમેન્ટ કરાશે જે વિશ્વમાં સૌથી મોટુ એસેસમેન્ટ છે : જ્ઞાન-સમજ અને ઉપયોજન આધારિત આ એસેસમેન્ટ માટે રાષ્ટ્રીય સ્તરે મોનીટરીંગ કરાશે : ત્રણ તબક્કામાં તેના ઉપચારાત્મક કાર્યક્રમો યોજવામાં આવશે : ઈન્દ્રાણી ભાદુરી

ગાંધીનગર, તા. ૧૬

આગામી ૧૩મી નવેમ્બરે રાષ્ટ્રીય સ્તરે ૭૦૦થી વધુ જિલ્લાઓમાં ૩૦ લાખથી વધુ બાળકોના એચીવમેન્ટ એસેસમેન્ટનો વૈશ્વિકસ્તરનો સૌથી મોટો સર્વે હાથ ધરવામાં આવશે તેમ એનસીઈઆરટીના પ્રો. ઈન્દ્રાણી ભાદુરીએ આજે ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ.

તેમણે જણાવ્યુ હતુ કે ધો. ૩, ૫ અને ૮ના આ એસેસમેન્ટ સર્વે માટે દેશના વિવિધ રાજ્યોમાં ૧૦ જેટલા વર્કશોપ યોજવામાં આવ્યા છે. અને ૨૦મી સુધીમાં તમામ દેશોમાં આ વર્કશોપ સંપન્ન કરી દેવામાં આવશે. આ એસેસમેન્ટ સર્વે માટે અગાઉ બાયસેગની મદદથી શિક્ષકોને પણ સેન્સેટાઈઝ કરવામાં આવ્યાનું તેમણે જણાવ્યુ હતુ.




સુશ્રી ભાદુરીએ જણાવ્યુ હતુ કે આ એસેસમેન્ટ સર્વે ક્ષમતા આધારિત હશે. જેમાં બાળકની સમજ-જ્ઞાન અને ઉપયોજનનું મૂલ્યાંકન કરવામાં આવશે.

પીઝા દ્વારા કરાયેલા સર્વેમાં આપણા બાળકોનું સ્તર નિમ્ન દેખાતાં આ પ્રકારે પ્રથમવાર એસેસમેન્ટ સર્વે કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એસેસમેન્ટ દર વખતે થાય છે પણ આ ભિન્ન પ્રકારનો છે. જેમાં બાળકની ક્ષમતા પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવનાર છે.

● અનુસંધાન પાન-૫ પર

## રાજયમાં સ્વાઈન ફલુથી વધુ ૩ના મોત

અમદાવાદ,તા. ૧૬

રાજયમાં સ્વાઈન ફલુની પરિસ્થિતિ ભયાનક અને ચિંતાજનક બની ગઈ છે, રોજેરોજ મૃત્યુઆંક અને સ્વાઈન ફુલ પોઝીટીવના કેસો ખતરનાક રીતે વધી રહ્યા છે તેમછતાં સરકારી તંત્ર સાચા આંકડા બહાર ના આવે અને લોકોમાં સ્વાઈન ફુલની સાચી પરિસ્થિતિ ખુલ્લી ના પડી જાય તે હેતુથી સાચી આંકડાકીય માહિતી પણ છુપાવવાનો પ્રયાસ કરી રહ્યું છે પરંતુ તેમછતાં સ્વાઈન ફલુના મામલે સરકાર અને સત્તાવાળાઓની નિષ્ફળ કામગીરી ખુલ્લી પડી જ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજયમાં સ્વાઈન ફલુના કારણે વધુ ત્રણ દર્દીઓના મોત નીપજયા છે, જયારે સ્વાઈન ફલુ પોઝીટીવના અંદાજે ૯૦થી વધુ નવા કેસો નોંધાયા છે. સ્વાઈન ફલુના કારણ પાટણમાં છેલ્લા ૪૮ કલાકમાં બે મોત નોંધાયા હતા. જેમાં રાજપુર ગામે ૧૧ વર્ષની બાળકી સ્વાઈન ફલુના કારણે મોતને ભેટતાં સમગ્ર પંથકમાં શોકની લાગણી ફેલાઈ હતી. રાજકોટ-કચ્છમાં પણ વધુ એક-એક દર્દીઓના મોત નીપજયા હતા.

# ભીંજારાની મોસમ યથાવત : વાદળ ગર્જના સાથે વરસાદી છાંટણા

ગાંધીનગર તા ૧૬

શહેરમાં ભાદરવામાં અષાઢી માહોલ છવાયેલો જોવા મળી રહયો છે. રોજબરોજ આકાશમાં ઘેરાતા વરસાદી વાદળો હાજરી પુરાવી જાય છે. દિવસ દરમિયાન ગગનભેદી વિજકડાકા અને વાદળ ગર્જના વચ્ચે ભાદરવો ભરપુર વરસવાના મુડમાં હોય તેવો અહેસાસ નગરજનોને થાય છે. ગઈકાલે સાંજે ભારે વરસાદી ઝાપટાના અંતે આજે સવારથી વાતાવરણમાં વરાપ નિકળ્યો હતો. જયારે બપોરના સમયે અચાનક જ વાદળિયા વાતાવરણ વચ્ચે ગાજયા મેઘ વરસ્યા ન હતા. જો કે વરસાદી વાદળો વિખેરાતા નગરજનોએ હાંશકારો અનુભવ્યો હતો. વાતાવરણમાં ઠંડક પ્રવર્તી હતી. નવરાતના ગણતરીના દિવસો આડે છે. ત્યારે આકાશમાં રોજ ઘેરાવો કરતા વરસાદી વાદળોથી ગરબા પ્રેમીઓમાં ચિંતાનુ મોજુ પ્રવર્તયુ છે.



શહેરમાં સિઝનનો વરસાદ સામાન્ય કરતા પણ પ્રમાણમાં ઘણો વધુ થયો છે. ત્યારે ભાદરવામાં અલપ ઝલપ તાપ વચ્ચે આકાશમાં વરસાદી વાદળોનો ઘેરાવો યથાવત જોવા મળી રહયો છે. છેલ્લા બે ત્રણ દિવસથી વાતાવરણમાં પલ્ટો આવ્યા બાદ રોજ હાજરી પુરાવી જતા મેઘરાજાના લીધે શહેરમાં ભીંજારાની મોસમ જોવા મળી રહી છે. જો કે છેલ્લા કેટલાક સમયથી વાતાવરણમાં અસહ્ય ઉકળાટના લીધે નગરજનો ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા છે. જો કે ગઈકાલે દિવસના આકરા તાપ અને ઉકળાટ બાદ મેઘરાજા સાંજના સમયે મનમુકીને વરસતા ચોમેર જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી .જયારે વાતાવરણમાં પણ ઠંડક પ્રવર્તી છે. આવા ગઈકાલની વરસાદી સાંજ બાદ આજે સવાર થી વરાપ નિકળ્યો હતો. આકાશ ચોખ્ખુ જોવા મળ્યુ હતુ. પરંતુ બપોરના સમયે અચાનક જ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. જયારે વાતાવરણ પલ્ટાના અંતે આકાશમાં વરસાદી વાદળો ઘેરાઈ આવ્યા હતા. આકાશમાં ગગનભેદી વિજકડાકા અને વાદળ ગર્જના વચ્ચે વરસાદી છાંટણા વરસ્યા હતા. જો કે વાદળ ગર્જના અંતે પણ ગાજયા મેઘ વરસ્યા ન હતા. થોડીવાર છાંટણા વરસાવી વરસાદ અદ્રશ્ય થઈ ગયો હતો. જો કે દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ યથાવત રહયુ હતુ. નગરજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી. વરસાદી વાયરાથી નગરનુ જનજીવન પ્રભાવિત જોવા મળી રહયુ છે.

# નબળુ પરિણામ ધરાવતી ૧૦ શાળાઓના આચાર્યો સાથે ડી.ઈ.ઓ.ની બેઠક યોજાશે

### પરિણામ સુધારણાની કામગીરીના અહેવાલની ચકાસણી કરાશે

ગાંધીનગર તા ૧૬

ધોરણ -૧૦ માં નબળુ પરિણામ ધરાવતી જિલ્લાની ૧૦ શાળાઓના આચાર્યોની આગામી સપ્તાહમાં જિલ્લા શિક્ષણાધિકારી સાથે બેઠક યોજાશે. જિલ્લા શિક્ષણાધિકારીએ નબળુ પરિણામ ધરાવતા શાળાના આચાર્યોની બેઠક બોલાવી અત્યાર સુધી પરિણામ સુધારણા માટે શુ કાર્યવાહી કરી તેના અહેવાલની ચકાસણી કરાશે. આ તબક્કે પરિણામ સુધારણા માટે કામગીરીની ચકાસણી કરવામાં આવશે.

શિક્ષણ બોર્ડની પરીક્ષામાં જિલ્લામાં ધોરણ -૧૦ માં નબળુ પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા વિશેષ છે. જો કે તબક્કાવાર નબળુ પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ઘટી છે. બે વર્ષ અગાઉ નબળા પરિણામ ધરાવતી શાળાની સંખ્યા ૫૨ જેટલી હતી. જયારે ગત વર્ષે ૨૫ શાળાઓનો સમાવેશ થતો હતો. જો કે વધારાના વર્ગો તેમજ નબળા વિદ્યાર્થીઓને ખાસ કોચિંગના લીધે શાળાઓના પરિણામમાં સુધાર લાવી શકાયો હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે. નબળી શાળાઓના પરિણામમાં સુધાર લાવવા માટે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા વિદ્યાર્થીઓ માટે વધારાના વર્ગો તેમજ શિક્ષકોની ટેસ્ટ પણ લેવામાં આવે છે. આગામી દિવસોમાં શિક્ષકો માટે ટેસ્ટનુ પણ આયોજન કરવામાં આવશે.

ગત બોર્ડની પરીક્ષામાં જિલ્લાની ૧૦ શાળાઓનુ પરિણામ ૩૦ ટકાથી ઓછુ આવ્યુ હતુ. જયારે આ નબળી શાળાઓમાં પરિણામ સુધારવા માટે આચાર્યો તેમજ શિક્ષકો કક્ષાએથી શુ પગલા લેવાશે તે અંગે પણ આયોજન કરવા શાળાઓને સુચના આપવામાં આવી હતી. જયારે અત્યાર સુધી નબળી શાળાઓના આચાર્યો તેમજ શિક્ષકો કક્ષાએથી પરિણામ સુધારવા માટે શુ પગલા લેવાયા તેની જાણકારી મેળવવા માટે આગામી સપ્તાહમાં જિલ્લા શિક્ષણાધિકારીએ આચાર્યોની બેઠક બોલાવી છે. જિલ્લામાં ૭ ગ્રાન્ટઈન તેમજ ૩ સેલ્ફ ફાઈનાન્સ શાળાઓનુ પરિણામ ૩૦ ટકાથી નીચે આવ્યુ છે. આ શાળાના આચાર્યો પાસે પરિણામ સુધારણા અંગેની કામગીરીનો અહેવાલ મંગાવ્યો છે. જયારે તેની ચકાસણીના અંતે જરૂરી સુધારા પણ શિક્ષણ કચેરી દ્વારા સુચવવામાં આવશે.

## બેસણું / સુંવાળા



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **સ્વ.જયંતિલાલ સાકરચંદ મેવાડા** તા. ૧૪-૯-૨૦૧૭ને ગુરૂવારના રોજ સ્વર્ગવાસ પામેલ છે.સદ્ગતનું બેસણું/સુંવાળું તા. ૧૮-૯-૨૦૧૭ને સોમવારે સવારે ૯-૦૦ થી ૪-૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ :: સિંધુ ભવન, ઝુલેલાલ મંદિર, સેકટર- ૨૧-૩૦ના બસ સ્ટેન્ડ પાછળ, સેકટર-૩૦, ગાંધીનગર.

વિનોદ જે. મેવાડા ૯૪૨૬૩ ૨૭૯૧૧
અનિલ જે. મેવાડા ૯૮૨૪૦૬૫૫૬૯

(પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.)

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...

અક્ષી

93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com